# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-09-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM-SCO બેઠક:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું છે કે બંને દેશો પરસ્પર વિકાસમાં ભાગીદાર છે, વિરોધી નથી અને તેમના મતભેદો વિવાદોમાં ફેરવાવા જોઈએ નહીં. શ્રી મોદી અને શ્રી જિનપિંગ શાંઘાઈ સહયોગ સંગઠન SCOની બેઠક દરમિયાન ચીનના તિયાનજિનમાં મળ્યા હતા.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે દ્વિપક્ષીય સંબંધોના સતત વિકાસ માટે સરહદ પર સુલેહ-શાંતિ જાળવવી જરૂરી છે.

બંને નેતાઓએ ગયા વર્ષે સરહદ પર બંને દેશોના સૈનિકોને પાછા ખેંચવા પર સંતોષ વ્યક્ત કર્યો હતો.

---------------------------------------------------------------------------------------------------------

## PM-મન કી બાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દેશે સ્થાનિક વસ્તુઓને પ્રોત્સાહન આપવા એટલે કે વૉકલ ફૉર લૉકલ, આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતના મંત્ર સાથે આગળ વધવું પડશે. ગઈકાલે આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં આ વાત કહી.**

**પ્રધાનમંત્રીએ ચોમાસામાં પ્રાકૃતિક આપત્તિઓ દેશની પરીક્ષા લઈ રહી હોવાનું જણાવતા અંગે દુઃખ વ્યક્ત કર્યું. તેમણે "એક ભારત—શ્રેષ્ઠ ભારત"ની ભાવનાને દેશના વિકાસ માટે જરૂરી ગણાવી. શ્રી મોદીએ ડિજિટલ ઍપ પ્રતિભા સેતુની પણ વાત કરી.**

ઉપરાંત શ્રી મોદીએ દેશ માટે જીવનું બલિદાન આપનારા જવાનોની માહિતી એકત્રિત કરનારા સુરતના સુરક્ષાકર્મી જિતેન્દ્રસિંહ રાઠોડનો ઉલ્લેખ કરતાં તેમણે આ અંગે પ્રતિક્રિયા આપી.

શ્રી મોદીએ વર્ષ **1947**માં હૈદરાબાદની ઘટના અંગે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ઑડિયો રેકૉર્ડિંગ રજૂ કરતા કહ્યું, આવતા મહિને દેશ હૈદરાબાદ મુક્તિ દિવસ ઉજવશે અને ઑપરેશન પૉલોમાં ભાગ લેનારા તમામ બહાદુરોના સાહસને યાદ કરશે.

શ્રી મોદીએ **15** સપ્ટેમ્બરે ઉજવવામાં આવનારા ઇજનેર દિવસ તેમજ **17** સપ્ટેમ્બરે વિશ્વકર્મા જયંતીનો ઉલ્લેખ કર્યો.

---------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી-અમિત શાહ:

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગઈકાલે ગાંધીનગર ખાતેથી નાગરિકોને તમામ પ્રકારની આપાતકાલીન સેવાઓ આપવા માટે **112** જન રક્ષક પ્રોજેકટ સહિત ગૃહ વિભાગના **217** કરોડ રૂપિયાના વિકાસકામોનો શુભારંભ કર્યો.

આ પ્રસંગે શ્રી શાહે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાનીમાં ગુજરાતની દરિયાઇ તેમજ જમિની આંતર રાષ્ટ્રીય સરહદ દુશ્મનો માટે અભેદ્ય કિલ્લા જેવી મજબૂત થઈ છે. તેમણે કહ્યું કે ભારતે સમગ્ર વિશ્વમાં સંદેશ મોકલ્યો છે કે ભારત તેના આત્મ સુરક્ષાના અધિકાર માટે કોઈ પણ સ્તરે જઈ તેના નાગરિકો અને સરહદનું રક્ષણ કરવા પ્રતિબદ્ધ છે.

જન રક્ષક પ્રોજેકટની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે, આ એક જ નંબર ડાયલ કરીને હવે નાગરિકો પોલીસ, એમ્બુલેંસ, ફાયર, ચાઇલ્ડ હેલ્પલાઇન સહિતની સેવાઓનો લાભ લઈ શકે. તેમણે કહ્યું આ પ્રોજેકટ માટે **1000** થી વધુ આધુનિક વાહનો નાગરિકોની સેવામાં જોડાશે.

આ કાર્યક્રમમાં માણસા પોલીસ સ્ટેશનને બી આઈ એસ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું.આ સન્માન પ્રાપ્ત કરનાર માણસા દેશનું સૌપ્રથમ પોલીસ સ્ટેશન છે.

---------------------------------------------------------------------------------------------

## અંબાજીમાં પુનમનો મેળો :

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં આજથી ભાદરવી પૂનમના મહામેળાના પ્રારંભ સાથે અરવલ્લીની ગિરિમાળાઓ જય અંબેના નાદથી ગૂંજી ઉઠશે. પદયાત્રીઓને આવકારવા જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ છે. મેળામાં પહેલી વાર ત્રીજી અને ચોથી સપ્ટેમ્બરે 400 ડ્રૉનથી અદ્ભૂત ડ્રૉન લાઈટ શૉ યોજાશે.

---

## રાપર રવેચી માતાજીનો મેળો:

ભાદરવા સુદ આઠમના દિવસે ગઈકાલે રાપર તાલુકાના રવ ગામે આવેલા રવેચી માતાજીનો પરંપરાગત મેળો યોજાયો હતો. મેળામાં કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, મુંબઈ, પૂના, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, રાજસ્થાન અને ખડીર સહિતના વિસ્તારોમાંથી લોકો ઉમટ્યા હતા. લોકોએ ભાતીગળ મેળામાં રવેચી માંની મૂર્તિના દર્શન કરી ધ્યાનતા અનુભવી હતી.

રાત્રે સૌરાષ્ટ્ર-કચ્છના કલાકારોએ સંતવાણી રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં એકત્રિત થયેલો ફાળો મંદિરની ગાયો માટે વપરાશે. મેળામાં રબારી, પાટીદાર, ક્ષત્રિય અને આંજણા ચૌધરી સમાજના લોકો પરંપરાગત પહેરવેશમાં જોવા મળ્યા.

---

## આંતરાષ્ટ્રીય અણુવ્રત:

આંતરાષ્ટ્રીય અણુવ્રત સમિતિનું 76મું વાર્ષિક અધિવેશન આગામી તારીખ 6 થી 8 સપ્ટેમ્બર કોબા અમદાવાદ ખાતે યોજાશે. આ અધિવેશનમાં દેશવિદેશની સમિતીઓને સહભાગી થવા આમંત્રણ અપાયુ છે.અણુવ્રત સમિતિ ભુજના અધ્યક્ષના જણાવ્યા મુજબ કચ્છથી પણ વધુ સંખ્યામાં કાર્યકરો સહભાગી બનીને લોકોપયોગી અને માનવતા કાર્યો તથા શાળાઓના છાત્રોમાં ચારિત્ર્ય નિર્માણનું કાર્ય કરશે.

---

# વાગડ વેલ્ફેર સોસાયટી ખાતે કેમ્પ:

**વાગડ કલા કેન્દ્ર-મુંદરા અને વાગડ સર્વોદય ટ્રસ્ટ-ભચાઉ દ્વારા તા. 6 સપ્ટેમ્બર ના વાગડ વેલ્ફેર સોસાયટી હોસ્પિટલ,ભચાઉ મધ્યે મુંબઈના પ્રખ્યાત પથરી રોગના નિષ્ણાત અને તેમની ડોક્ટર્સ ટીમ સાથે યુરોલોજીનાં વિવિધ ઓપરેશનોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પથરી/પ્રોસ્ટેટના દૂરબિનથી મફત નિદાન ઓપરેશન કરવામાં આવશે. વધુ જાણકારી માટે 90162 92378 નો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયુ છે.**

---